CO...

ENGLISH AN...

PROVERBS, S...

AND

FAMILIAR QUOTATIONS.

(DETACHED FROM THE LARGE COMPILATION).

BY

K. R. NANJIANI, B.A.,

Read and remember, pass in November.

Bombay:
PRINTED AT THE ORIENTAL PRINTING PRESS.

1885.

Price Five Annas.

COMPARATIVE ENGLISH AND GUJRATI PROVERBS, SAYINS AND FAMILIAR QUOTATIONS.

(DETACHED FROM THE LARGE COMPILATION).

BY

K. R. NANJIANI, B.A.,

Read and remember, pass in November.

Bombay:
PRINTED AT THE ORIENTAL PRINTING PRESS.

1885.

Price Five Annas.

પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તકમાં જે અંગ્રેજી તથા ગુજરાતી કહેવતો આપવામાં આવી છે તે ફારસી, અંગ્રેજી, ગુજરાતી તથા હિંદુસ્તાની કહેવતોનો સંગ્રહ મારા તરફથી બહાર પડયો છે તેમાંથી નોખી પાડેલી છે, એ ચારે ભાષા નહિ જાણનાર પણ એ માહેલી માત્ર એક કે બે ભાષા જાણનારાની સગવડ અર્થે એ મોટા સંગ્રહના બે કટકા કર્યા છે. આ કટકામાં અંગ્રેજી તથા ગુજરાતી મળતી કહેવતો આપવામાં આવી છે, અને બીજામાં ફારસી તથા હિંદુસ્તાની કહેવતો (ગુજરાતી ઉચ્ચારો સહિત) આપવામાં આવી છે. પ્રથમ ફારસી કહેવતો કક્કાવારી ગોઠવી તેને અનુક્રમે ચઢતા નંબર આપ્યા છે, અને તેને મળતા અર્થની બાકીની ત્રણ ભાષા માહેલી કહેવતોને પણ તેજ નંબર આપ્યો છે. વળી એ ચારે ભાષાની કહેવતોમાંથી દરેક ભાષાની મુખ્ય કહેવતતળે તેજ ભાષાની મળતી કહેવતોના ઝુમખા લાગુ કર્યા છે.

પ્રથમ બે વરસ ઉપર મેં જે ફારસી અંગ્રેજી તથા ગુજરાતી કહેવતોની ચોપડી બહાર પાડી હતી તેમાં ત્રણે ભાષાની કહેવતો કક્કાવારી ગોઠવી હતી, અને દરેક કહેવતની બાજુએ તેને મળતા અર્થની કહેવતોના અંક ટાંકયા હતા. એ ગોઠવણ જો કે અભ્યાસીઓને સગવડ ભરેલી જણાઈ પરંતુ સાધારણ વાંચનારને સુગમ પડતી ન થઈ, માટે ઉપર જણાવ્યા પ્રમાણે ગોઠવણ રાખી છે.

ઉપર કહેલી ચાર ભાષાના તેમજ બે ભાષાના આ કથનદોહનમાં જે કહેવતોથી ગમતની સાથે બોધ પણ મળે તેવીજ દાખિલ કરી છે.

લિ. કરમઅલી રહીમ નાનજીઆણી.

અમદાવાદ, ૧૮૮૫.

ABBREVIATIONS.

Fr. = French.	S. = Scottish.
L. = Latin.	Sh. = Shakespeare.

ENGLISH AND GUJARATI PROVERBS.

---

1 Cattle do not die from crows' cursing.

કણીયાના શ્રાપથી કાંઇ વરસાદ અટકે?

કાગને કહે ઢોબાં મરતા નથી.

બીલાડીને કહે શીકું ટૂટનાર નથી.

2 He cut his feet with an axe.

ઉનું ખાતાં મોઢું દાઝયું તે કોને કહે?

પોતાને હાથે પગમાં કુહાડો માર્યો.

પોતાને હાથે પેટમાં પાળી મારી.

3 A man is liable to error.

માણસ જાત છે ભૂલે પણ ખરો.

4 Out of the frying p.in into the fire.

ઓલામાંથી નીકળીને ચુલામાં.

ઘરની દુઃખણી જંગલમાં ગઇ જંગલમાં લાગી લાય.

5 Out of sight out of mind.

ગાડી દેખી લાગે થાક.

6 Even a fool when he holdeth his peace is counted wise.

He that keepeth his mouth, keepeth his life.

Sileace doth seldom any harm.

નહી બોલ્યામાં નવ ગુણ.

7 God helps thcse wlo help themselves.

Get thy spindle and distaff ready and God will send flax.

Help thyself and God will help thee.

Fr. Aile toi et le ceil t' aidera.

હાથ હલાવ્યા વગર કોળિયો મોંમાં ન પેસે.

હિમ્મતે મરદાં, મદદે ખુદા.
પુરૂષ પ્રયત્ન ઇશ્વર આશ્રય. (ઇશ્વર ઉદ્યોગીને સહાય.)

8 Evil to him who evil thinks.
The biter bit. (F. honi soit qui mal y pense).
ખાડે તે પડે. ભુંડું તાકે તેનું ભુંડું થાય.
હાથના કીધાં હૈયે વાગે.

9 As you sow, so you will reap.
કરણી તેવી પાર ઉતરણી.
જેવું વાવશો તેવું લણશો.

10 Misfortunes seldom come single.
When sorrows come, they come not single.
One woe doth tread upon another's heels.
So fast they follow. (*Shakespeare.*)
One sorrow never comes but brings an heir.
Woe to the vanquished. (L. Væ victis)
(F. Malheur ne vient jamais seul).
દુકાળ ને વળી અધિક માસ. દુઃખ ઉપર ડામ પડ્યા ઉપર પાટુ.
દુઃખની આંખે ઝોકા વાગે. નબળા ઢોર ને બગેયો ઘણી.

11 His bread is buttered on both sides.
વર મરો કન્યા મરો, ગોરનું તરભાણું ભરો. (બે હાથે લાડુ.)

12 One flower makes no garland.
One sparrow does not make a summer.
One swallow makes not a spring.
સુંઠના ગાંઠિયાથી કાંઇ ગાંધી થવાય ?

13 If it takes two to make a bargain, it must take two to break it.
એક હાથે તાળી ન પડે.

14 Delay is dangerous.
Defer not till tomorrow what the morning may accomplish.

Never leave that till tomorrow which you can do to-day.

Procrastination is the thief of time.

Put not off till tomorrow what you can do to-day.

આજનું કામ કાલ ઉપર ન રાખવું.

15 He that blows in the dust fills his eyes.

પથ્થરને બચકું ભરો તો સામાં દાંત પડે.

સૂરજ સામી ધુળ નાખીએ તો સામી આંખમાં પડે.

16 Let dogs delight to bark and bite,
For God hath made them so.
Let bears and lions growl and fight,
For it is their nature too.

What is bred in the bone, will not come out of the flesh.

ટાઢ જાય રૂએ ને આદત જાય મુવે.

દક્ષણ ગયા પણ લક્ષણ ન ગયા.

પ્રાણને પ્રકૃતિ સાથે જાય.

દોરડી બળે પણ વળ ન મૂકે.

બાર ગાઉએ બોલી બદલે, તરૂવર બદલે શાખા,
જાતે દહાડે કેશ બદલે, લક્ષણ ન બદલે લાખા.

સ્વભાવનું કાંઇ ઓસડ નથી.

17 Sufficient for the day is the evil thereof.

Tomorrow will take care of itself.

કાલની વાત કાલે. (કાલ છે ને ખુદા છે.)

18 Never draw your dirk when a dunt will do.

સામ દામ ને ભેદ ભણાય પછીથી ચોથો દંડ ઉપાય.

ગોળે મરે તેને વિષે ન મારવો.

19 He who will not when he may.
When he wills it, shall have nay.
Make hay while the sun shines.

Occasion turneth a bald noddle, after she hath presented her locks in front.

Strike the iron while it is hot.

There is a tide in the affairs of men, which taken at the flood leads on to fortune.

લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવું.

20 How can the blind lead the blind ?

An unjust judge preaches justice.

ડાહી સાસરે ન જાય ને ગાંડીને શીખામણ આપે. (પોથીમાંના રીંગણાં.)

21 If the cap fit, wear it.

Nearest the heart comes first out.

કોણ કહે છે કે રાપણીનો ઘા !

હૈયે તેવું હોઠે.

22 A lie has no legs.

Truth seeks no corners.

સાચ ને કદી ન લાગે આંચ.

23 Clean clothes and empty pockets, don't trust ap- pearances; Look into oysters and clamss.

Fat hens are aye ill layers.

Oh! what man may within him hide.

Though angel on the outward side. [mischief.

Some that smile have in their hearts millions of

આડી ઘરેની ઘરમાં છડે, ને બહાર નીકળીને મૂછો મરડે.

નામ મોટા ને દરસન ખોટાં.

ભરમ ભારી, ખીસ્સાં ખાલી. (ખોરા રૂપિયા ચળકે ઘણા.)

24 Necessity has no law.

ખપ તેનો છોછ નહીં.

ગરજ ખીચ્ચારી બાપડી. (ગરજે ગધેડાને કાકા કહેવા પડે.)

25 A man is known by the company he keeps.

છડે ન તે.૫ કેવા શીખે વળી બિહંગમાં.

જેવી સોબત તેવી અસર.
જેવો સંગ તેવો રંગ.
જેવું અન્ન તેવો ઓડકાર.
ગધેડાની સાથે ઘોડું બાંધ્યું,
ભુક્યું નહીં તોપણ અળોટવા શીખ્યું.

26 The hills look green that are far away.
'Tis distance lends enchantment to the view,
And robes the mountains in their azure hue.
ડુંગર દૂરથી રળિયામણા, પાસે જાઓ તો બીહામણા.

27 Ill news travel apace.
પલક એકમાં પોહોંચી જાય, ખબર નરસી નહીં રોકાય.

28 Hear twice before you speak.
Look before you leap.
કદી ખતા ન ખાય જે વિચારી વાણી આચરે.

29 Death borders upon our birth and our cradle stands in the grave.
Dust thou art and shalt to dust return.
માટીના માનવી, માટી માંહે મળી, કાય તારી જશે જાણુ ભાઇ.
જાયા તે તો જવાના.

30 Charity begins at home.
There is no body nearer than one's own.
ઘરનાં છોકરાં ઘંટી ચાટે, ઉપાધિયાને આટો જોઇએ.
પગ તળે બળે ને લંકા ક્યાં ઓળવવા જઇએ.

31 A full purse never lacks friends.
Every one is kin to the rich man.
Friends are plenty when the purse is full.
When ye're poor nobody kens ye.
When ye're rich a' body lends ye.
શેઠના સાળા સૌ થવા જાય.

32 Wisdom alone is age.

ડાહ્યો તે ઘરડો.

33 He jests at scars that never felt a wound.

The gentlemen of England that live at home at ease.

Oh ! have you ever thought upon the dangers of the seas ?

દુઃખ તેને વેણુ.

None knows the weight of another's burden.

વીતી હોય તે નર જાણે, આણે બીજા અહંકાર.

પેટની પીડા માયું ન જાણે.

પીપળ પાન ખરંતાં, હસતી કુંપળિયાં.

મુજ વીતી તુજ વીતશે ધીરી બાપડિયાં.

34 Black stones will never turn white.

You may end him but you will not mend him.

કથા સાંભળીને ફુટયા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

પથ્થરઉપર પાણી રેડ્યા કરો, પણ તેવો ને તેવો.

35 King log to King stork.

Many go for wool and come home shorn.

Striving to better oft we mar what's well.

બકરું કાઢતાં પેઠું ઊંટ.

કડી લેવા પાટણ ગયું. लेनेको देणा हुआ.

લેને ગઇ પૂત ઓર ખો આઇ ખસમ.

36 Who spares to speak doth spare to speed.

બોલે તેના બોર વેચાય.

માગ્યાવગર મા પણ ન પીરસે.

37 **Every sorrow has its twin joy.**
Every tide has its ebb.
After a storm comes a calm.
No rose without a thorn.
સુખ પાછળ દુઃખ ને દુઃખ પાછળ સુખ.

38 Two of a trade seldom agree.
વૈદ વૈદનો વેરી.

39 **E**very man to his trade.
The shoe-maker to his last.
જેનું કામ તેનાથી થાય, બીજો કરે તો ઠોકર ખાય.

40 To have two strings to one's bow.
To kill two birds with one stone.
એક પંથ દો કાજ.

41 Between two stools we come to the ground.
L. Duos qui sequitur lepores neutrum capit.
(He who pursues two hares catches neither.)
No man can serve two masters.
બે ઘરનો પરોણો ભૂખે મરે.

42 Every light has its shadow.
It is dark under the lamp.
દીવા તળે અંધારૂં

43 **Union is strength.**
ઝાઝી કીડીઓ સાપને તાણે.
બહુ તાંતણુ બળિયું.

44 **No pains, no gains.**
No sweat no sweet.
ચાકરી કરે તો ભાકરી મળે.

નોકરી કરે તો ભાખરી પામે.

45 While there is life there is hope.

L. Dum spiro, spero.

જીવે તેને જોખ છે. સો વેદના વામશે.

46 A cat always dreams of mice.

સુતારના મનમાં બાવળિયું વસે.

47 Pride goes before destruction.

Pride is an ill horse to ride.

Pride will have a fall.

વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.

ગયો પડી રાવણનો પણ ગર્વ, સભાપર શત્રુ થયા જન સર્વ.

48 Cut your coat according to your cloth.

Stretch your leg according to your coverlet.

Make not your sail too large for your ship.

ગજા પ્રમાણે ખરચ કરો, જોઇને ડગલાં ભરો.

49 Sit in your place and none will make you rise.

બેસીએ જોઇ, તો ઉઠાડે ન કોઇ.

50 Every thing is good in its season.

વિવાહના ગીત વિવાહ અવસરેજ ગવાય.

સમોવિનાનું સારૂં ન લાગે પરમેશ્વરનું નામ.

ચેહ સળગાવતાં ગણેશ પરમેશ્વર હાથે વાળે બાઇ રામ.

51 It is hard to live in Rome and fight with the Pope.

પાણીમાં રહેવું ને મગરમચ્છથી વેર.

52 Lay on the rod and you will bring on good scholars.

He that spareth the rod hateth his son ; but he that loveth him chasteneth betimes.

સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રમઝમ.

ચાંદમું રતન માર.

53 You cannot have blood out of stone.

કચુકા પીલે તેલ ન નીકળે.

પાણી વલોવે માખણ ન પામીએ.

54 Bend the twig, bend the tree.

The willow bends but the stick breaks.

લીલી ડાખલીને જેમ વાળીએ તેમ વળે.

55 A rotten sheep infects the whole flock.

One sheep will mar a flock.

એકને પાપે વહાણ ડુબે.

56 Silence is consent.

બોલે નહીં ત્યારે હાજ સમજવી.

57 Don't cast pearls before swine.

A book to a blind man signifies nothing.

Throw not pearls before swine.

આંધળા આગળ આરસી.

ખાખરની ખીલોડી સાકરનો સ્વાદ શું જાણે?

ભેંસના મ્હો આગળ ભાગવત.

રાંક જાત તે રત્ન શું ઓળખે, આખર ચેતન ચાકરનો.

ગરીબ તણે ઘેર પેટ ભરે તે, ઠાઠ શું જાણે ઠાકરનો.

મેરૂ તણો મહિમા નવ દીઠો, કરે વખાણ તે કાંકરનો.

ખાખરની ખીલોડી અંગદ, સ્વાદ શું જાણે સાકરનો.

58 A figure among ciphers.

Every cock is proud on his own dung hill.

આંધળામાં કાણો રાજા.

ઉજડ ગામમાં એરંડો પ્રધાન.

59 Drowsiness shall clothe a man with rags.

Idleness clothes a man with rags.

Love not sleep, lest thou come to poverty.

ઊંઘતી બીલાડી ઉંદર પકડતી નથી.

આળસ દરિદ્રનું મૂળ છે.

જાગતાની પાડી ને ઊંઘતાનો પાડો.

60 Unseen, unrued.

What the eye vieweth not, the heart rueth not.

You cannot see green cheese, but your teeth must water.

દેખીએ તો દાઝીએ.

61 A gamester sees always more than a looker on.

ધણીને સૂઝે ઢાંકણીમાં તેવું પડોસીને ન સૂઝે આરસીમાં.

62 Keep a thing seven years and you will find a use for it.

A store is no sore.

સંઘર્યો સાપ પણ કામનો છે.

સવેળાએ સંઘર્યું હોય તો અવસરે આવે કાજ.

63 A green wound is soon healed.

A little fire is quickly trodden out, which being suffered, rivers cannot quench.

A stitch in time saves nine.

A word before is worth two behind.

શત્રુ ને રોગ ઉગતા છેદવા.

64 A great cry a little wool.

Barking dogs seldom bite.

Empty vessels make most sound.

અધૂરો ઘડો છલકાય ઘણો.

બડા બડાઇ ના કરે ઓર બડા ન બોલે બોલ.

હીરા મુખસે ક્યું કહે લાખ હમારા મોલ.

ઢમ ઢોલ માંહે પોલ.

ભસે તે કરડે નહીં.

65 It is not the cowl that makes the friar.

જટા ધરે જગદીશ મળે તો વડલા વૈકુંઠ પામે.

મન ચંગા તો કથરોટમાં ગંગા.

66 He doubles his gift who gives in time.

He gives twice, who gives in a trice.

L. Bis dat qui cito dat.

તરત દાન મહા પુન.

67 The begger is at home wherever he goes.

ખાવા ઉઠયા ને બગલમાં હાથ.

68 Penny wise and pound foolish.

Saving at the spigot and spending at the bung.

બારણાં ઉઘાડાં ને બારીએ કુચા.

69 A wrinkled purse, a wrinkled face.

Empty purse fills the face with wrinkles.

જર હોતા ને મરદ રોતા.

70 Might is right.

બળિયાના બે ભાગ.

71 A sensible foe is preferable to a foolish friend.

Save, save, oh ! save me from the candid friend.

—G. Canning.

નાદાન દોસ્ત કરતાં દાનો દુશ્મન ભલો.

72 In love there is no lack.

Nothing is impossible to a willing mind.

Where there is a will there is a way.

The labour we delight in physics pain.

નાચવું નહીં ત્યારે આંગણું વાંકું.

73 A friend in need is a friend indeed.

માથું આપે તે મિત્ર.

74 In a quarrel between two, a third is the gainer.

બેની લડાઇમાં ત્રીજાનું કામ.

75 To stop the mouth of a dog with a sop.

A sop to Cerberus.

ભસ્તા કુતરાને રોટલીનો કટકો.

76 Wisdom and goodness to the vile seem vile.

ચોરને ચાંદરડું ન ગમે.

77 The very walls have ears.

હોઠ બાર તે કોટ બાર.

વા વાત લઈ જાય.

78 Wisely and slowly, they tumble down who run fast.

ધીરા સો ગંભીર.

79 One man's meat is another's poison.

Sad souls are slain in merry company.

છાણનો કીડો ઘીમાં મરે.

વિષ્ટનો વિલાસી જીવ સાકરને શું કરે?

અફીણનો કીડો સાકરમાં ન જીવે.

ખારા જળનો જીવ મીઠા જળમાંહી મરે છે.

મિસરી મીઠી ઘણી, ગધાના પ્રાણ હરે છે.

80 Set a thief to catch a thief.

ચોરનાં પગલાં ચોર ઓળખે.

81 As is the father, so is the son.

As the crow is, the egg will be.

Like father, like son.

Such is the tree such is the fruit.

ઠામ તેવી ઠીકરી, મા તેવી દીકરી.

બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા.

82 Vox populi vox dei.

The voice of the people is the voice of God.

પંચ કહે તે પરમેશ્વર.

83 Fair words cost nothing, but are worth much.

મીઠું બોલ્યામાં શું ગયું ?

84 A bribe in the lap blinds one's eyes.

Gifts break rocks.

Money makes the mare to go.

Money will do more than my lord's letter.

ખીસ્સા તર તો ફાવે તે કર.

સોનું દેખી મુનીવર ચળે.

85 Doing nothing is doing ill.

An idle man tempts the devil.

If the brain sows not corn it plants thistles.

An idle brain is the devil's workshop.

નવરો બેઠો નખોદ વાળે.

નવરો હજામ પાટલા મૂંડે.

86 To carry coals to Newcastle.

To teach your grand mother how to suck eggs.

લુવાર વાડે સોય વેચવી છે.

87 (And) Coming events cast their shadows before.

The child is father of the man (Wordsworth.)

The childhood shows the man as morning shows the day.

પુત્રના લક્ષણ પારણામાંથી જણાય (વહુના લક્ષણ બારણામાંથી.)

88 Early to bed and early to rise,

Makes a man healthy, wealthy, and wise.

Rise when the day daw's.

Bed when the night fa's. S.

રાતે વેહેલા સુઇ વેહેલા ઉઠે વીર.

ધન બુદ્ધિ વિદ્યા વધે સુખમાં રહે શરીર.

89 Diamonds cut diamonds.

Like cures like.

ગરમી ગરમીને મારે.

समं समं शामयति.

90 Dead men tell no tales.

મુએલું માથું ન ઉચકે.

91 Mercy but murders pardoning those that kill.

He hurts the good who spares the bad.

I must be cruel only to be kind.

Nothing emboldens sin so much as mercy.

L. Bonis nocet quisquis pepercerit Malis.

દયા ડાકણ થઇ ખાય.

વીંછીના મ્હોને ખાસડું.

હણતાને હણીયે તેનો પાપ દોષ ન ગણીયે.

92 High winds blow on high hills.
Little gear little care.
ખડે ખડેકું દુઃખ હવે, છોટસે દુઃખ દૂર;
તારે સબ ન્યારે રેહે, ગ્રહે ચંદ્ર ઔર સૂર.

93 Boast not thyself of tomorrow, for thou knowest not what a day may bring forth.
Who knows what the morrow may bring forth.
કોણે દીઠી છે કાલ?

94 He that can have patience can have what he wills.
Patience is a plaster for all sores.
Patience is bitter but its fruits are sweet.
ધીરજ મોઠી વાત છે.

95 Avarice is the root of all evils.
Covetuousness bursts the bag.
A covetous man is his own tormentor.
અતિ લોભ તે પાપનું મૂળ.
શેઠ કેમ તણાયા તો કે લોભે લાભે.

96 A honeyed tongue, a heart of gall.
God in his tongue, devil in his heart.
પગે માછલાં મારે ને મ્હોડે રામ પુકારે.
મોઢે મીઠાશ ને પેટમાં પાળી.
હચી ગુણ ગાતી ને હૈયામાં કાતી.

97 A hasty man never wanted woe.
Haste makes waste.
ઉતાવળા સો બાવરા.
ઉતાવળીયો સાત વાર પાછો ફરે.

98 Love is blind.

You cannot love and be wise.

ઇશ્ક આંધળો છે.

99 A word to the wise is sufficient.

તેજી ન સહે તાજણો.

ગધેડાને ડીફણાં ને તેજીને ઇશારત.

100 In fair weather prepare for foul.

They must hunger in frost that will not work in heat.

Make your hay before the fine weather leaves you.

Prevention is better than cure.

Before you marry be sure of a house wherein to tarry.

પાણી પેહેલાં બાંધીએ પાળ.

101 Cheating play never thrives.

Knavery may serve a turn, but honesty is best in the end.

Every rogue is at length outrogued.

Frost and fraud both end in foul.

ચોરને પોટલે ધૂળની ધૂળ.

અંતે ધર્મોજય, પાપો ક્ષય.

ફાવે તેમ ફંદ કરી ફોકટ શું ફુલ્યો ફરે,

ફંદી તારો ફુલ ઘડો ફુટ દઈ ફુટશે.

દગા કિસકા નહીં સગા.

102 Men's faults seldom to themselves appear.

Our own opinion is never wrong.
પારકી ભૂલ પેહેલી દેખાય આપણી ભૂલ નાસી જાય.
સૌ સૌને મન ડાહ્યા.

103 A drowning man will catch at a straw.
ડુબતા ને તણખાનો આસરો.

104 Do not rip up old sores.
બેઠેલો પોપડો ન ઉખેડવો ને સૂતેલો ઝગડો ન જગાડવો.

105 Every man thinks his own geese swans.
The crow thinks her own bird the fairest.
છગન મગન તો સોનાના પારકા છોકરા ગારાના.

106 Many cooks spoil the soup.
Many cooks make ill kail. **S.**
ઝાઝી સોયાણીએ વેતર વંઠે.

107 A good when lost is valued most.
મુવા પછી સૌ વખણાય.

108 Constant dropping wears away stones and little strokes fell great oaks.
Little and oft fill the purse.
Many a little make a muckle.
કાંકરે કાંકરે પાળ બંધાય.
ટીપે ટીપે સરોવર ભરાય.
દમડી દમડી કરતાં રૂપૈયો થાય.

109 A bad workman quarrels with his tools.
અણુકસબી હજામને અસ્ત્રા ઘણા.
ડોઠ નિશાળિયા ને વતરણાં ઘણાં.

110 If you want to do a thing right do it yourself.
આપ મુઆવિના સ્વર્ગે ન જવાય.
આપ સમાન બળ નહી મેઘ સમાન જળ નહી.

111 Practice makes a man perfect.
ભણતા પંડિત નીપજે લખતાં લૈયો થાય.

112 A bird in the hand is worth two in the bush.

Catch not at the shadow and lose the substance

A wren in the hand is better than a crane to be caught.

Never quit certainty for hope.

હાથમાં આવ્યું તેજ ખરૂં.

હાથે તે સાથે.

113 No one cries "stinking fish."

પારકે રોટલે જાડી કોર.

114 Too far east is west.

ડાહ્યો કાગડો હાડકાપર બેસે.

115 Set the saddle on the right horse.

હરખાને ઠેકાણે પરખો ના કરતા.

116 God's will be done.

Man proposes God disposes.

L. Homme propose, et dieu dispose.

આદર્યા અધૂરા રહે હર કરે સો હોય.

ધારવું માણસને હાથ કરવું પરમેશ્વરને હાથ.

પરમેશ્વરનું ધાર્યું થશે.

માણસ ધારે ને ખુદા પાર ઉતારે.

117 Like draws to like.

Like draws aye to like; an auld horse to a fell dike. (S)

Birds of a feather flock together.

વ્યસનીને વ્યસની ઓળખે.

એસેકો મીલા તેસા તૈસેકો મીલા તાઇ.

તીનોને મીલકે તુનતુની બજાઇ.
આંધળાને હૈયા ફુટ્યા મળે.

118 A new broom sweeps clean.

નવો નિશાળિયો નવ દહાડા ને ઝાઝું કરે તો દસ દહાડા.
અગીયારમે દહાડે કોરડો બારમે દહાડે ઓરડો.

119 Good stomach is the best sauce.

Hunger is the best sauce.
ઊંઘ ન જુવે તુટી ખાટ ને ઇશ્ક ન જુવે જાત કજાત.
ભૂખ ન જુવે એંઠો ભાત ને પ્યાસ ન જુવે ધોબીકો ઘાટ.
ભૂખે ભરડો ભાવે ને ઊંઘ ઉકરડે આવે.
ભૂખેકો ક્યા લૂખા ઔર નીંદકો ક્યા તકિયા.

120 Great toil and little work.

Much ado about nothing.
Muckle cry an little woo (S.)
ત્રાંબિયાની ડોસીને ઢબુ મુંડામણી.
ખણવો ડુંગર ને મારવો ઉંદર.
સોના કરતાં ઘડામણી મોંઘી.
વા વાયાથી નળિયું ખસ્યું તે દેખીને કુતરું ભસ્યું.
બહુ થયો ત્યાં શોર બકોર કોઇ કહે મેં દીઠો ચોર.
કીડી ઉપર કટક (કાગનો વાઘ.)

121 The crows are none the whiter for washing themselves.

You cannot wash the black-a-more white.
પીડી ચોળે વર્ણ ન પાલટે.
સીધીભાઇ સોમણ સાબુએ નાહ્યા તોપણ કાળા ને કાળા.

122 One soweth another reapeth.

કીડી સંચરે ને તેતર ખાય.
ખોદે ઉંદર ને ભોગવે ભોરીંગ.
ખાએ પીએ ખાંડણી કુટાઇ મરે સૂપડું.

123 A burnt bairn dreads the fire. S.
He that is stung by a serpent is afraid of a rope.
દૂધનો દાઝ્યો છાસ ફુંકી ફુંકી પીએ.

124 Ill gotten ill spent. } L. Malè parta.
Light come light go. } male dilabuntur.
આવે તે ભાવે જાય.

125 Cocks make free of horses' corn.
પારકે પૈસે દીવાળી.

126 'Tis a poor deed to crush a worm
છાણમાં તરવાર મારવી.

127 Fair faces need no paint.
Good wine needs no bush.
મોરનાં ઈંડાં ચિતરવાં ન જોઈએ.

128 Look not a gift horse in the mouth.
ધર્મની ગાયના દાંત શું જોવા!

129 Many hands make light work.
ઝાઝા હાથ રળિયામણા.

130 Death's day is dooms-day.
આપ મુવે પીછે ડુબગઈ દુનિયાં.

131 I talk of chalk you talk of cheese.
રામ રામ તો કહે રીંગણા.
ગોર પગે લાગું તો કહે ખુંટીએ ચોડણું.

132 A constant guest is never welcome.
Fish and visitors smell in three days.
પેહેલે દહાડે પરોણો, બીજે દહાડે પઈ;
ત્રીજે દહાડે રહે, તેની અક્કલ ગઈ.

133 Like the dog in the manger.
ઘાસની ગંજી માંહેલો કુતરો, ખાય નહીં ને ખાવા પણ ન દે.
मला न तुला कुत्र्याला. (મરાઠી)

134 Let bygones be bygones.

It is too late to spare when all is spent.

No weeping for shed milk.

It is too late to shut the stable door when the steed is stolen.

After death the doctor.

પાણી પીને ઘર શું પુછવું?

135 A little learning is a dangerous thing.

અલ્પજ્ઞાન અતિ હાણ.

136 What cannot be cured must be endured.

Done is done cannot be undone.

ભુલીએ ત્યાંથી ગણીએ.

137 All is not gold that glitters.

Gold all is not that doth golden seem.

ઉજળું એટલું દૂધ નહીં.

138 Nothing comes out of the sack but what was in it.

કુવામાં હોય તે અવાડામાં આવે.

139 Every sore has its salve.

હર દરદની દવા હોય.

140 Fair is not fair but that which pleaseth.

રાજાને ગમી તે રાણી ને છાણાં વીણતી આણી.

141 In Rome do as the Romans do.

જેવો દેશ તેવો વેશ.

142 Measure for measure.

Tit for tat's fair play.

સેરને માથે સવાસેર.

143 He that will steal an egg will steal an ox.

કોડીચોર તે પાડી ચોર.

144 Health is wealth.

પેહેલું સુખ તે જાતે નર્યા.

145 You cannot see wood for trees.

કેડમા છોકરો ને ગામમાં ઢંઢેરો.

146 Confusion worse confounded.

No fool like an old fool.

ઓછું પાત્ર ને અદકું ભણ્યો,

વઢકણી વહુએ દીકરો જણ્યો;

મારકણો સાંઢ ચોમાસું મહાલ્યો.

ને કૈડકણા કૂતરાને હડકવા હાલ્યો.

વાંદરાને વળી વીછી કરડ્યો. ગાંડીને વળી ભૂતે સાહી.

કાણું ઘોડું ને કૈડકણું.

